આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ ધન

આજના ગ્રહોની કુંડળી



આજે સર્પયોગ છે. આજે ચાંડાલ યોગ છે.

મેષ નવમે ચંદ્ર - અંશાત્મક પ્રબળ બુધ - ગુરુ સાથે યુતિમાં હોઈ તમોને લાભ થશે. દિવસ આનંદમાં પસાર થાય - સાતમા મંગળ આઠમા શનિની ખરાબ અસરો ઓછી થાય.

વૃષભ ચોથે ગુરુ - આઠમે ચંદ્ર - બુધ - શુક્ર - શુભ ગ્રહો હોી આપનો આજનો દિવસ કોઈપણ ખરાબ અસરો વિનાનો પસાર થશે. સાતમે શનિ આજે મદદરૂપ થશે.

મિથુન ત્રીજે ગુરુને સાતમે બાકીના તમામ શુભગ્રહો તમારો દિવસ ધાર્મિક કાર્ય પાછળ આધ્યાત્મિક રીતે પસાર કરી શકશો. કોઈ સંતનો સત્સંગ થાય.

કર્ક સાતમે સૂર્યનું ફળ સારું નથી મળતું - મિત્રો - ભાગીદારો તથા પત્નીથી સુખ પ્રાપ્ત ના થાય. ચોથે મંગળ તમોને વારંવાર વિના કારણે ક્રોધ - ગુસ્સો કરાવે જે હાનિકર્તા નીવડે.

સિંહ પાંચમા ભુવનમાં ત્રણ શુભ ગ્રહોની યુતિના કારણે સંતાનો - તરફથી અપાર સુખ પ્રાપ્ત થાય. અઢી વર્ષની શનિની પનોતીની અસરો નાબુદ થશે - ઓછી થશે.

કન્યા ચોથા સ્થાનમાં ત્રણ શુભ ગ્રહોની યુતિ માતા-પિતા તરફથી અત્યંત સુખ મળશે. વારસો મળે - મદદ મળે - ભાગીદારો સાથે સંબંધ સુધરે - ફાયદો થાય.

તુલા શનિની ઉતરતી પનોતીનું છેલ્લું એક વર્ષ આપને ખોટાં - સાહસો ન કરવા માટે સૂચવે છે. રાશિમાં મંગળ તમોને સાહસ કરવા પ્રેરે પણ વિચારીને સાહસ કરશો તો ફાવશો.

વૃશ્ચિક રાશિમાં શનિ તેમજ શનિની પનોતીને કારણે તમારી તંદુરસ્તીને હાનિ પહોંચાડે. ડરપોકપણાને કારણે તમો કોઈપણ સાહસ ન કરી શકો. સાચવીને ચાલવું.

ધન રાશિમાં ત્રણ શુભગ્રહોની યુતિના કારણે તમોને મિત્રો - કૌટુંબિક સભ્યો દ્વારા મદદ મળશે - આર્થિક લાભ થશે - અણધારી મદદ મળશે - પનોતીની અસરો ઓછી થશે.

મકર રાશિમાં સૂર્ય અને દસમે મંગળ રાજ દરબારેથી મહત્ત્વની પદવી મેળવવાના યોગ છે - તક મળશે - તક ચૂકશો નહિ - ફળ સ્વરૂપ આર્થિક લાભો મળશે.

કુંભ સાતમે ગુરુ આધ્યાત્મિક અને ધાર્મિક કાર્યો કરાવે પરંતુ રાહુના કારણે જે લગનથી અને દ્રઢતાથી કરવાં જોઈએ તે દ્રઢતાથી તમો કરો નહીં પરિણામે ફળ ઓછું મળે.

મીન આઠમે મંગળની ખરાબ અસરો દસમા સ્થાનમાં ત્રણ શુભ ગ્રહોની યુતિના કારણે દૂર થાય છે તેમ છતાં વાહન ચલાવવાથી સાચવવું - આઠમે મંગળ અકસ્માત યોગ કરે છે.

મહાનગરપાલિકાઓમાં કર્મચારીઓની ભરતીમાં એક સરખી ઢબ લાવવા સૂચના

ગાંધીનગર, તા. ૪

રાજ્યની મહાનગર પાલિકાઓમાં કર્મચારીઓની ભરતીની ઢબમાં એકસૂત્રતા લાવવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સરકારી કચેરીઓમાં ખાલી જગ્યાઓ ભરાય અને ભરતી પ્રક્રિયા પારદર્શક બને તે માટે તાજેતરમાં મળેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને એવુ સૂચન કર્યું હતું કે રાજ્યની જુદી જુદી મહાનગરપાલિકાઓમાં કર્મચારીઓની ભરતીમાં જ્યાં નજીવા તફાવતો છે તે દૂર કરી એક સરખી ઢબ અપનાવી મહાનગર પાલિકાઓમાં સામાન્ય ભરતી પ્રક્રિયા અપનાવવા અંગેની વિચારણા કરીને આ દિશામાં કાર્યવાહી હાથ ધરવી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સેવા આયોગનું ભારણ ઘટે અને રાજ્ય સરકારના તાંત્રિક વિભાગોમાં ઈજનેરોની ભરતી ઝડપી થાય તે દૃષ્ટિએ મદદનીશ ઈજનેર સંવર્ગની જગ્યાઓને બિનરાજ્યપત્રિત દરજ્જામાં ફેરવી આ સંવર્ગમાં ભરતી અન્ય ભરતી એજન્સી દ્વારા થાય તે અંગે વિચારણા કરવા પણ રાજ્ય સરકારે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

અંદાજપત્ર તૈયાર કરવાની કામગીરીમાં નાણા વિભાગ ધમધમી રહ્યું છે

ગાંધીનગર, તા. ૪

રાજ્યના આગામી વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રની તૈયારી માટે નાણા વિભાગ ધમધમી રહ્યું છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણા વિભાગને અંદાજપત્રની તૈયારી માટે વધુ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે. અને રાજ્યમાં પણ નાણા વિભાગની અંદાજપત્ર કામગીરી સાથે સંકળાયેલ બ્રાન્ચોને ચાલુ રાખવા માટેની સૂચના આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની આવક અને જાવકના ચોકઠાઓ સંબંધીત વિભાગો પાસેથી મેળવીને અંદાજો કાઢવામાં આવી રહ્યા છે. કે રાજ્યની આવકમાં ક્યાં કેટલો વધારો થયો કે ઘટાડો થયો.

રાજ્યની આવક અને જાવકના અંદાજો મેળવવામાં આવ્યા બાદ નાણામંત્રાલય દ્વારા રાજ્યની આવક વધારવા માટે કોઈ ક્ષેત્રમાં વેરા નાંખવાની જરૂરીયાત છે કે રાહતો આપી શકાય તેમ છે તે અંગેનો નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્યની વાર્ષિક યોજનાને આખરી કરી દેવામાં આવ્યા બાદ હવે નાણા વિભાગ અંદાજપત્રની તૈયારી શરૂ કરવામાં આવી હોઈ નાણા વિભાગ અંદાજપત્રની કામગીરીથી ધમધમી રહ્યું છે.

દારૂની હેરાફેરીના નેટવર્ક સાથે સંકળાયેલા અધિકારીઓ જાહેર કરો

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં દેશી દારૂના અડ્ડા બંધ કરાવવા માટે ઠાકોર સમાજના યુવાનો બહાર આવ્યા પછી ગુજરાતની પોલીસ જાગી છે અને હવે દારૂના અડ્ડા બંધ કરાવવા માટેના આદેશ બહાર પાડે છે. જે કામ પોલીસનું છે તે જ્યારે જનતા કરે છે ત્યારે પોલીસ તંત્રની આંખ ખૂલે છે. ગુજરાતમાં હપ્તારાજ ચાલે છે તેનો આ નમૂનો છે તેવો આરોપ મુકીને કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નીશિત વ્યાસે જણાવ્યું હતું કે, હકીકતમાં ગુજરાતમાં દારૂની બદી રોકવી હોય તો દારૂના ધંધાર્થીઓના નેટવર્ક સાથે ક્યા ક્યા પોલીસ ઓફિસરો-રાજકારણીઓ સંકળાયેલા છે તેની યાદી લોકહિતમાં જાહેર કરવી જોઈએ.

થોડાં મહિનાઓ પહેલાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો અને મહિલા પાંખની સભ્યોએ મંત્રીમંડળ નિવાસસ્થાન વિસ્તારની પાછળ સાબરમતી નદીના પટમાં ચાલતી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ બંધ કરાવી હતી. પોલીસે આ સમયે કોંગ્રેસની મહિલા સભ્યોને ખખડાવી હતી. હજી હાલની સ્થિતિએ પણ ગાંધીનગર અને અમદાવાદની સાબરમતી નદીના પટમાં દેશીદારૂના અડ્ડાઓ ધમધમે છે, કે જ્યાં સરકારના સંત્રીઓ તેમજ

ગાંધીનગર મંત્રીઓના નિવાસસ્થાન પાછળ ધમધમતી દારૂની ભઠ્ઠીઓ તાકીદે બંધ કરાવો : નીશિત વ્યાસ

મંત્રીઓ રહે છે.

છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાંથી ગેરકાયદેસર ૪૩,૭૦,૩૧૧ લીટર દેશી દારૂ પકડાયેલ જેની કિંમત રૂ. ૮,૫૨,૬૧,૭૨૫ રૂપિયા થાય છે. જ્યારે ૨,૪૨,૫૦,૧૪૬ વિદેશી દારૂની બોટલ પકડાયેલ જેની કિંમત રૂ. ૨,૪૬,૦૮,૩૩,૯૧૯ રૂપિયા થાય છે. જ્યારે ના પકડાયેલ દારૂની કિંમત અબજો રૂપિયામાં થાય છે. ગુજરાતમાં દારૂના કરોડો રૂપિયાના વેપાર રાજકીય છત્રછાયાથી ચાલી રહ્યો છે. જેના લીધે ગુજરાતના નવયુવાનો અને તેના પરિવાર વ્યસનનો ભોગ બની રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ઠાકોર સમાજે ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને રાજ્ય ગૃહમંત્રી રજની પટેલના મતવિસ્તારમાં જનતા રેડ કરીને દારૂના એક સાથે ૧૫ અડ્ડાઓ બંધ કરાવ્યા હતા. રાજ્યના જવાબદાર મંત્રીના વિસ્તારમાં રેડ પડતાં જ તેઓએ આ એક્શન લેવડાવ્યા છે. પણ આ મંત્રી એ જાણતા નથી કે તેમના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ ગુજરાતમાં દારૂની પરમીટ આપવામાં નિયમોને હળવા બનાવ્યા છે. ગૃહમંત્રીએ એ પણ ધ્યાન રાખવું જોઈએ કે વિદેશી દારૂની હેરાફેરી રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી થાય છે અને ચેક પોસ્ટ હોવા છતાં સરળતાથી હેરફેર થાય છે.

ભિલોડા તાલુકા પંચાયતમાં જ ઠેર - ઠેર દારૂની પોટલીઓના ઢગ : ટોયલેટોમાં દુર્ગંધ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયતમાં ગંદકીથી તાલુકાની પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. એક તરફ આખાય દેશમાં સ્વચ્છતા અભિયાન પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે છતાં લોકો ધ્વારા પણ સ્વચ્છતાની ઐસી-તૈસી.અને અધિકારીઓ તેમજ સત્તામાં બેસેલા લોકો પણ આ બાબતે જાણે કે આંખ આડા કાન કરી રહ્યા હોઈ તેમ લોકમુખે ચર્ચાય છે. વાદ નહી વિવાદ વ્યસન મુક્તિ સિવાય બીજી કોઈ વાત નહી, આવો સૌ સાથે મળી વ્યસન મુક્ત સમાજનું નિર્માણ કરીએ જેવા સુત્રો ભિલોડા તાલુકા પંચાયત ભવનના મેઈન ગેટ પાસે લગાવેલા છે છતાં પીવાની પાણી પાસે પાન મસાલા અને ગુટખા ખાઈ મેઈન દરવાજા આગળ જ ગંદકી ફેલાવી છે. તાલુકા પંચાયતની બાજુમાં અંડર ગ્રાઉન્ડ હોલની પાસે દારૂના પાઉચ,દારૂની બોટલોના ઢગલા પડ્યા છે. લોકો રોજે-રોજ કામ અર્થે તાલુકા મથકે આવે છે ત્યાં લેડીઝ,જેન્ટ્સ ટોઈલેટમાં પગ પણ મુકી શકાય તેમ નથી. માથુ ફાડી નાખે તેવી ગંદકી ફેલાઈ છે. પુરૂષ વર્ગ અંડર ગ્રાઉન્ડ હોલની બાજુમાં જાહેરમાં લઘુશંકા કરી લે છે પણ લેડીઝ વર્ગે ક્યાં જવું તે મોટો પડકાર બની રહે છે. અધિકારીઓ આ કશુય જોતા નહી હોય ! પોતાની એરકંન્ડીશન ઓફીસ અને ઓફીસની અંદર તમામ સુવિધાઓ હોઈ પ્રજાજનો શું મુસીબતમાં છે તે તેમને ક્યાંથી દેખાય ? ભવનના ચારેકોર પ્લાસ્ટીક વિગેરે કચરાના ઢગલા પડ્યા છે.મકાનો પણ જર્જરીત હાલતમાં જણાય છે. તાલુકા પંચાયતમાં અનહદ ગંદકી હોય તો ગામડાની પંચાયતો કેવી સફાઈ કરાવતી હશે ? સરકાર ધ્વારા સફાઈના નામે લાખો રૂપિયા ખર્ચાયા છતાં ગંદકી ઠેરની ઠેર.

અંદાજપત્ર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કે, પાંચ રાજ્યોમાં યોજાનાર ચૂંટણીને ધ્યાનમાં લઈને બજેટ સત્રની વચ્ચેના ગાળામાં અવધિને ઘટાડી દેવામાં આવે પરંતુ સરકાર અને અન્ય રાજકીય પક્ષો પૂર્ણ સત્રની ઈચ્છા રાખે છે. તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૧માં તત્કાલિન સરકારે બજેટ સત્ર દરમિયાન બિલોને સ્થાયી સમિતિને મોકલવા માટે કહ્યું હતું. કારણ કે રાજ્યોમાં ચૂંટણીઓ યોજાનાર હતી. સત્રની અવધિને ઘટાડી દેવાની માંગ કરવામાં આવી હતી. સંસદીય બાબતોના પ્રધાને કહ્યું હતું કે, સરકારે એવો પણ નિર્ણય કર્યો છે કે, મધ્ય અવધિમાં રજા દરમિયાન બિલોને સ્થાયી સમિતિને મોકલવામાં આવશે.

સઈદની ધમકી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કુખ્યાત ત્રાસવાદીઓ પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. વર્ષ ૨૦૦૮ના મુંબઈ હુમલામાં હાફીઝ સઈદ માસ્ટર માઈન્ડ તરીકે હતો. આ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા. હાફીઝ સઈદ અન્ય હુમલાઓમાં પણ પરોક્ષરીતે સામેલ રહ્યો છે. ભારતે પાકિસ્તાનને પઠાણકોટ એરબેઝ ખાતે કરવામાં આવેલા હુમલાના સંદર્ભમાં ઘણા બધા પુરાવા આપ્યા હતા. સાથે સાથે હાફીઝ સામે પગલા લેવાની માંગ કરી હતી. ભારતે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જ્યાં સુધી ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવામા આવશે નહીં ત્યાં સુધી બંને દેશો વચ્ચે વિદેશ સચિવ સ્તરની વાતચીત થશે નહીં.

પઠાણકોટ ત્રાસવાદી હુમલાના મામલામાં પાકિસ્તાન ભારત પાસે વધારે પુરાવાની માંગ કરે છે. મામલાની તપાસ કરી રહેલી છ સભ્યોની પાકિસ્તાની ટીમે વિદેશ મંત્રાલયને વધારે પુરાવા આપવા કહ્યું છે. હાલમાં જ પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે કબૂલાત કરી હતી કે, પઠાણકોટમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાના પરિણામ સ્વરુપે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મંત્રણા પ્રક્રિયા ઉપર આની માઠી અસર થઈ છે. પાકિસ્તાને પ્રથમ વખત જાહેરમાં કબૂલાત કરી છે કે, ત્રાસવાદી હુમલાઓના કારણે બંને દેશો વચ્ચેની મંત્રણા પ્રક્રિયા ફરી એકવાર ભાંગી પડી છે.નવાઝ શરીફે કહ્યું હતું કે, પઠાણકોટમાં કરવામાં આવેલા હુમલા બાદ ભારતે પાકિસ્તાનને તરત જ ચોક્કસ અને પગલા લઈ શકાય તેવી માહિતી આપી હતી. જૈશે મોહમ્મદના આતંકવાદીઓ દ્વારા પઠાણકોટ એરફોર્સ બેઝમાં હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં સાત જવાનો શહીદ થયા હતા. તમામ આતંકવાદીઓને પણ મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. નવાઝ શરીફે ખાતરી આપી છે પરંતુ આતંકવાદી લીડરો પાકિસ્તાનમાં જાહેરમાં નજરે પડે છે તે દર્શાવે છે કે, પાકિસ્તાની વલણ ખુબ જ ઉદાસીન રહ્યું છે.

હાઈએલર્ટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બનાવવા માટે પણ નિર્ણય કરવામાં આવ્યા બાદ આ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. દરમિયાન કેન્દ્રિય ગૃહ પ્રદાન રાજનાથ સિંહે કહ્યુ છે કે પઠાણકોટ હુમલો કરવામાં આવ્યા બાદ સરકાર પોતાની વ્યુહરચનાને વધારે આક્રમક બનાવી રહી છે. તે પોતાની કાઉન્ટર ટેરર સ્ટ્રેટેજીની ફરી સમીક્ષા કરી રહી છે. જયપુરમાં કાઉન્ટર ટેરિરિઝમ કોન્ફરન્સમાં ભાગ લેતા રાજનાથ સિંહે કહ્યુ હતુ કે અમે હવે વધારે અસરકારક નિતી બનાવી રહ્યા છીએ. પઠાણકોટ જેવા ત્રાસવાદી હુમલાથી દેશને બચાવી શકાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રાજનાથ સિંહે કહ્યુ હતુ કે જો પાકિસ્તાન ત્રાસવાદી સંગઠનો અને ત્રાસવાદીઓ સામે યોગ્ય પગલા લેશે તો ભારત પાકિસ્તાનની સાથે રહેશે. તેની મદદ પણ કરશે. ભારતીય વાયુસેનાએ વેસ્ટર્ન કમાન્ડના એરઉફોર્સ બેઝ પર હાલ સાવચેતીના ખાસ પગલા લીધા છે. એરફોર્સ બેઝને હાઈ સિક્યુરિટી સિસ્ટમ હેઠળ લાવવા માટેના પ્રયાસ પણ કરાઈ રહ્યા છે. આના માટે જરૂરી હથિયારો અને સાધન માંગવામાં આવી રહ્યા છે. એરફોર્સ બેઝ પર રહેલી ટેકનોલોજીને પણ કોઈ પણ સ્થિતીને પહોંચી વળવા માટે અપડેટ કરવામાં આવી રહી છે.

સરકારી આવાસો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અત્યંત મંદ ગતિએ ચાલતી હોવાથી લાંબા સમયના અંતે પણ મોટાભાગના સરકારી આવાસો કંગાળ ભાસી રહયા છે. આવા સંજોગોંમાં તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક અરજદારોની સંખ્યા પણ વિશેષ છે.ત્યારે આવાસોના રીનોવેશનની કામગીરીમાં પણ ઝડપ આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સે-૧૬ માં લાંબા સમયથી ચ કક્ષાના કેટલાક સરકારી બ્લોક કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. ઈન્ક્વાયરી કચેરીની સમાંતર આવેલા બ્લોકનં-૬૦,૬૧ અને ૬૨ના મકાનો બદતર હાલતમાં છે. માર્ગ મકાન વિભાગ દ્વારા સેકટરોમાં નવા આવાસો બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ત્યારે જુના આવાસો પણ રહેણાંકની દ્રષ્ટીએ કર્મચારીઓને ઉપયોગી થાય તે મુજબ ઝડપભેર રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

એક માસનું બાળક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દિવસના દિકરાને લઈને રીક્ષામાં ચાંદખેડા આવી હતી અને ત્યાંથી ઝુંડાલ નજીક અંબાપુર કેનાલ પાસે બીજી રીક્ષા કરીને હેતલ એક ધાર્મિક વિધિ માટે પહોંચી હતી. છકનો દોરો કેનાલના પાણીમાં પધરાવવાનો હતો. આ દોરો પધારવવા જતાં પોતાનુ બાળક પણ કેનાલના પાણીમાં માતાથી છટકી ગયું હતું. હવે ઘરે શું જવાબ આપવો ? દિકરો ક્યાં ગયો તે પ્રશ્નનો જવાબ માંગનાર પરિવારજનો સામે કેવી રીતે પોતે ઉભી રહી શકશે ? તે પ્રશ્ને હેતલને મુંઝવણમાં મુકી દીધી અને તે ગભરાઈ ગઈ હતી. આખરે બાળકનું અપહરણ થઈ ગયુ હોવાની થિયરી તેણે રજુ કરી દીધી હોવાનું ખુલ્યુ છે. પોલીસે હવે ગાંધીનગર નજીક સ્થિત અંબાપુર કેનાલમાં તપાસ શરૂ કરાવડાવી છે.

ઠંડીનો ચમકારો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નીચુ આવ્યુ છે. લઘુત્તમ તાપમાન ૧૩-૧૪ ડિગ્રી સુધી પહોંચી જતાં ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ હતી. પરંતુ ગઈકાલે સાંજથી પવનની દિશા બદલાતા અને પવનની ગતિ વધતા તાપમાનમાં ઠંડક ફેલાવવા લાગી હતી. રાત્રી દરમ્યાન લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલુ ઘટીને ૧૧ ડિ.સે. પહોંચી ગયું છે. જ્યારે મહત્તમ તાપમાન ૨૮.૮ ડિ.સે. નોંધાયું છે. ઠંડીનો ચમકારો પુનઃ અનુભવાતા વસાહતીઓને પુનઃ ગરમ વસ્ત્રોમાં સજ્જ થવાની ફરજ પડી હતી.

તન-દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

બધી પેનલ ના બધા ટેસ્ટ કરતા હોય તેવું શક્ય નથી લાગતું. જો બધા એલર્જન ૨૨૦૦માં થાય નહિ અને જો સારી રીતે કરાવવા હોય તો સારી અને standard laboratory માં કરાવવા નો આગ્રહ રાખવો. ભલે ને કિંમત વધારે પડે elisa કરતા પણ સારી મેથડ નીકળી છે જેને PHADIYATOP કહે છે જે ૧૦૦૦૦ માં થાય છે જે વધારે સારી છે પણ ડાહ્યાભાઈ એલર્જી જેને છે એ થોડી જાતે મહેનત કરીને તેને શેનાથી રીએક્સન છે એ થોડું જોવે તો એક પણ પૈસો બગાડવા ની જરૂર નથી.અત્યારે બિલાડી ની ટોપ ની જેમ એલર્જી ની જાહેરાતો કરે છે એ ખાલી પૈસા કમાવા માટેજ છે જે સત્ય થી ખુબજ ખોટા રીપોર્ટ આવે છે તે મારો અનુભવ છે માટે હેલ્મેટ પહેરો, વર્ના સર તુમારા હી હૈ ...

એલર્જીના ટેસ્ટ માટે ELISA કરતા PHADIYATOP મેથડ વધારે રીલાયબલ છે. તે મોંઘી છે પણ સાચી અને સચોટ છે.

ભિલોડાના ધનસોરમાં ૧૦૩ વર્ષના કાકા આજે પણ સશક્ત : પોતાનું કામ જાતે જ કરે છે

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધનસોર ગામના વતની અને કસ્ટમ વિભાગમાં નોકરી કરી વડોદરાથી કરાંચી સુધી ફરજ બજાવી છેલ્લા ૪૫ વર્ષથી પેન્શનનો લાભ મેળવે છે. આજકાલની યુવા પેઢી વ્યસનો અને મોઝશોખના રવાડે ચડી આયુષ્ય દોરી ટુંકાવી ૪૫,૫૦ને ૬૫ની ઉંમરે કોઈની કીડની ખરાબ હોય છે. કોઈને ફેફસાની બિમારી હોય છે.કોઈ બાયપાસ કરાવે છે અને ૭૦ થતાં થતાં આ દુનિયા છોડી ઘણા લોકો ચાલ્યા જતાં હોય છે પણ મળતી માહિતી મુજબ ભિલોડા તાલુકાના ધનસોર ગામના રહેવાસી અસારી કમજીભાઈ ગોબરભાઈ આજે ૧૦૩ વર્ષની ઉંમર થઈ ચુંકી છે પણ તે ચાલીને બેંકમાં જઈ પોતાની સહી કરી બેંકમાંથી પેન્શન મેળવે છે. પરીવારમાં બે પુત્ર, ત્રણ પુત્રીઓ સાથે આજે તો ચોથી પેઢી જોઈ છે. તેમણે કસ્ટમ વિભાગની નોકરી કરતા હતા ત્યારે અખંડ ભારત હતું. આઝાદી એ જમાનામાં મળી ન હતી ત્યારે કમજીભાઈ પાકિસ્તાન દેશના કરાંચીમાં કસ્ટમ વિભાગમાં નોકરી કરતા હતા. આજે તેઓની આંખો પણ સલામત છે અને પોતાના કપડા પણ જાતે જ ધુએ છે. કોઈ વાર જમવાનું પણ બનાવી શકે છે. આજે પણ દિવસમાં એક થી દોઢ કિલોમીટર જેવું ચાલી પણ શકે છે. વર્ષોથી સવારે વહેલા ઉઠી નાહી, ધોઈ (૧) મહાત્મા ગાંધી (૨) સુભાષચંદ્ર બોઝ (૩) ઈન્દીરાબેન ગાંધી (૪) જવાહરલાલ નહેરૂ (૫) મોરારજીભાઈ દેસાઈ વિગેરે દેશના મહાનુભાવોના ફોટા તેમની રૂમમાં લગાવેલ છે. તે દરેક ફોટા પર અગરબત્તીનો ધુપ પણ કરે છે.

સરકાર વ્યસન મુક્તિ અભિયાન ચલાવે છે ત્યારે અસારી કમજીભાઈના જીવનમાંથી બોધપાઠ લેવા જેવો છે. તેમને પુછતા જણાવ્યું હતું કે તેમના આયુષ્યનું રહસ્ય નિરવ્યસન છે. દારૂ, તમાકુ, પાન, પડીકીનું કોઈ વ્યસન તેમણે આજ સુધી કર્યું નથી. સરકારે કાનજીભાઈનું સન્માન કરી તેમનો વ્યસન મુક્તિનો સંદેશો ગામડે-ગામડે મોકલવા સમાન છે.

ફિઝીયોથેરાપીની ઘટ નિવારવા ભરતી પ્રક્રિયા હાથ ધરાશે

એક્યુપેશનલ થેરાપીસ્ટ, સ્પીચ થેરાપીસ્ટ અને ફિઝીયોથેરાપીસ્ટ માટેની ૩૫૦ જેટલી જગ્યાઓ માટે ગૌણ સેવા પસંદગી મંડળ સ્પર્ધાત્મક પરીક્ષા આગામી માર્ચ-એપ્રિલમાં

ગાંધીનગર, તા. ૪

રાજ્ય આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરીઓમાં વર્ગ-૩ની જુદી જુદી ફિઝીયોથેરાપીસ્ટ સંવર્ગોની ખાલી જગ્યા ભરવા લાયક ઉમેદવારો લેવા ૩૦૦થી વધારે જગ્યા માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સંભવિત માર્ચ-એપ્રિલ-૨૦૧૬માં સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવાશે. લાંબા સમય બાદ તબીબ ક્ષેત્રે આ પ્રકારની જગ્યાઓ માટેની જાહેરાત પ્રસિદ્ધ થતા ઉમેદવારોમાં આનંદ જોવા મળ્યો હતો.

રાજ્ય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળની આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણની કચેરીઓમાં વર્ગની જુદી જુદી ફિઝીયોથેરાપીસ્ટ માટેની જગ્યાઓ ખાલી છે. આથી આ ખાલી જગ્યાઓ ભરવા માટે ૩૦૦થી વધારે જગ્યાઓને લઈ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, સ્પીચ થેરાપીસ્ટ અને પિઝીયોથેરાપીસ્ટનો સમાવેશ થાય છે. ઉમેદવારો ઓજસની વેબસાઈટ પર તા. ૧૮મી ફેબ્રુઆરી સુધી ઓનલાઈન અરજી કરી શકશે અને અરજી બાદ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા આપવાની રહેશે. આ સમગ્ર પરીક્ષાનું આયોજન ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટમાં થયેલ કેન્ટેમ્પ્ટ પીટીશનના સંદર્ભે આ સંવર્ગોની જગ્યાઓ સત્વરે ભરવાની હોવાથી પરીક્ષા માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા સંભવિત માર્ચ-એપ્રિલ-૨૦૧૬માં લેવાશે. અને આ તમામ પરીક્ષાનું આયોજન ગૌણ સેવા દ્વારા કરાશે.

મનપા સ્થાયી સમિતિનુ બજેટ દિવા સ્વપ્ન જેવુ અને પ્રજાને મૂર્ખ બનાવનારું છે : શૈલેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિમાં ગઈકાલે રજુ થયેલ સુધારા બજેટ પ્રજાની આંખમાં ધૂળ નાંખનારૂ હોવાની તીખી પ્રતિક્રિયા આપતાં વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું છે કે ત્રણ વર્ષના શાસનની નિષ્ફળતાઓને ઢાંકી અને પ્રજાને જમીન નહિ હોવા છતાં દિવસે સ્વપ્ના બતાવવાનું પાપ સત્તાધારી પક્ષે કર્યું છે.

મનપાની સ્થાયી સમિતિએ રજુ કરેલુ બજેટમાં ક્યાય પણ પ્રજાલક્ષી કામ કે, વિકાસને લાગતુ નથી. કેમ કે અગાઉના બધાજ બજેટમાં જેમ કે 'રેન બસેરા' 'કોમ્યુનીટી હોલ' બનાવવા માટે ફાળવાયેલ બજેટના રૂપિયા આજ સુધી વપરાયા નથી અને મનપાની તિજોરીમાં જ પડ્યા છે. મનપા જોડે જમીનની માલિકી નથી. તો પ્રજાને આવા ખોટા બજેટ રજુ કરી પ્રજાને મુર્ખ બનાવી પ્રજાને છેતરવાનું બંધ કરવું જોઈએ. 'રેન બસેરા', 'કોમ્યુનીટી હોલ' જેવા કામો આજ સુધી મનપાએ કર્યા નથી. તો ૨૦૧૫-૧૬ના બજેટમાં નીચે મુજબના કામોનો સમાવેશ કરી પબ્લિકને મુર્ખ બનાવી રહ્યા છે.

ફ્લાય ઓવર પેટે રૂ. ૨૦ કરોડ, પાર્કિંગ પેટે રૂ. ૨૦ કરોડ, ફૂટબોલ ગ્રાઉન્ડ પેટે રૂ. ૪ કરોડ, ઓટો રિક્ષા સ્ટેન્ડ પેટે રૂ. ૧.૫૦ કરોડ આ કામો જમીનની માલિકી મનપાની નથી તો કેવી રીતે અને ક્યાં બનશે તેનો ઉલ્લેખ બજેટમાં ટાળવાનું પાપ ભાજપના સત્તાધીશોએ કર્યું છે.

સામાન્ય રીતે સુવિધા કચેરીઓ સરકારી રહેણાંક મકાનોનું સમારકામ કરતી હોઈ છે. અને સરકારી રહેઠાણનો મિલકત વેરો આજ સુધી મનપામાં ભરાયો નથી. તો સુવિધા કચેરીઓને ૬૦ લાખ રૂપિયા ફાળવ્યા છે જે ટેક્ષ ભરતા પ્રજાજનોના છે. જે અયોગ્ય છે.

શ્રી બિહોલાએ શહેરમાં સામાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારની અવગણનાનો ઉલ્લેખ કરી જણાવ્યું છે કે ગ્રામ્ય વિસ્તારની ગ્રાન્ટમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. અને ૨ કરોડ રૂ. વોટર સીસ્ટમ, બોર, પંપ, ડ્રેનેજમાં ફાળવવામાં આવ્યા છે. જે કામ પણ આર એન્ડ બી દ્વારા કરવામાં આવે છે.